ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
અપીલ નં- અ-૦૬૭૭-૨૦૨૫

વિવાદી : શ્રી દેવદત્ત રામસિંહ રાણા
૩૦૧, ક્રિષ્ના એપાર્ટમેન્ટ,
હિરામોતી માર્કેટ સામે,
જયહિંદ ચાર રસ્તા, મણિનગર,
અમદાવાદ - ૩૮૦૦૦૮

વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી
મદદનીશ સમાજ કલ્યાણ
અધિકારી(વહીવટ)
નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ કચેરી
૬/૧, બહુમાળી ભવન,
રાજકોટ - ૩૬૦૦૦૧

(૨) અપીલ સત્તાધિકારી
નાયબ નિયામક
નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણની કચેરી
૬/૧, બહુમાળી ભવન,
રાજકોટ - ૩૬૦૦૦૧

તા. ૮/૭/૨૦૨૫
ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજ્ય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૦૪/૦૭/૨૦૨૫

(૨) આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | : | તારીખ |
|---|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | : | ૦૭/૧૦/૨૦૨૪ |
| (ii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | : | ૧૧/૧૧/૨૦૨૪ |
| (iii) | પ્રથમ અપીલ | : | ૧૧/૧૧/૨૦૨૪ |
| (iv) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | : | ૧૧/૧૨/૨૦૨૪ |
| (v) | બીજી અપીલ | : | ૨૦/૦૧/૨૦૨૫ |
| (vi) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | : | ૦૨/૦૪/૨૦૨૫ |
| (vii) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | : | ૦૨/૦૪/૨૦૨૫ |

(૩) સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-

| | | | |
|---|---|---|---|
| વિવાદી | : | | શ્રી દેવદત્ત રામસિંહ રાણા આયોગ ખાતે રૂબરૂ ઉપસ્થિત રહેલ છે. |
| પ્રતિવિવાદી | : | (૧) | શ્રી આર.વી.મારવણીયા, જાહેર માહિતી અધિકારી અને મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(વહીવટ), નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ કચેરી૯/૧, રાજકોટ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે. |
| | | (૨) | પ્રથમ અપીલ સત્તાધિકારી અને નાયબ નિયામક, નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણની કચેરી, ૯/૧, બહુમાળી ભવન, રાજકોટ વતી શ્રી એચ.આર.રાઠોડ, સમાજ કલ્યાણ અધિકારી વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે. |

(૪) <u>આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-</u>

વિવાદી જણાવે છે કે, તેઓની અરજીના મુદ્દા ક્રમાંક-(૧)ની માહિતી મળેલ ન હોવાથી, તે અંગેની માહિતી આપવા માટેના હુકમો કરવામાં આવે.

ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારીની રજૂઆત અનુસાર, તેઓના વિસ્તારમાં હાલ ચાર પ્રાઈવેટ યુનિવર્સિટી કાર્યરત છે અને પ્રત્યેક વર્ષે આશરે ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા શિષ્યવૃત્તિની અરજી કરવામાં આવે છે. આ માટે ઓનલાઈન પોર્ટલની વ્યવસ્થા છે. પરંતુ પોર્ટલ પરથી નાગરિકને આ અંગેની માહિતી મળી શકતી નથી. જે વિદ્યાર્થી દ્વારા અરજી કરવામાં આવેલ હોય, માત્ર તે જ વિદ્યાર્થી શિષ્યવૃત્તિ અંગેની માહિતી મેળવી શકે છે.

માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪(૧)(ખ)(૧૨)ની જોગવાઈઓ અનુસાર, ફાળવવામાં આવેલ રકમો સહિત સબસીડી કાર્યક્રમોની અમલબજવણીની રીત અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો પ્રત્યેક જાહેર સત્તામંડળ દ્વારા પ્રો-એક્ટિવ ડિસ્કલોઝરના ભાગરૂપે સ્વયં પ્રસિદ્ધ કરવાની રહે છે. આથી, ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારીના જાહેર સત્તામંડળની વડી કચેરીને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી શરૂ કરીને મંજૂર કરવામાં આવેલ તમામ સ્કોલરશીપના લાભાર્થીઓની વિગતો જેવી કે, લાર્ભાથીનું નામ, તેઓના અભ્યાસક્રમનું નામ, કોલેજ/યુનિવર્સિટીનું નામ અને મંજૂર કરવામાં આવેલ સ્કોલરશીપની રકમ પ્રો-એક્ટિવ ડિસ્કલોઝરના ભાગરૂપે જાહેર કરવા આયોગ દ્વારા ભલામણ કરવામાં આવે તો, વિવાદીએ તેઓની માહિતીની માંગણી પડતી મુકવા માટે સંમતિ દર્શાવેલ છે.

ઉકત ફકરામાં જણાવેલ માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓ અનુસાર, જાહેર નાણાંમાંથી આપવામાં આવતી સ્કોલરશીપની વિગતો પ્રો-એક્ટિવ ડિસ્કલોઝરના ભાગરૂપે સ્વયં પ્રસિદ્ધ કરવાપાત્ર હોવાથી, નિયામક અનુસૂચિતજાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરને જણાવવામાં આવે છે કે, તેઓના જાહેર સત્તામંડળ દ્વારા આવી માહિતી સ્વયં પ્રસિધ્ધ કરવામાં આવતી ન હોય તો, શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી શરૂ કરીને હવે

પછી સ્કોલરશીપના તમામ લાભાર્થીઓની ઉક્ત ફકરામાં જણાવેલ વિગતો તેઓની વેબસાઈટ પર સમયાંતરે પ્રસિધ્ધ કરવા માટે આયોગ દ્વારા અધિનિયમની કલમ-૨૫(૫) અન્વયે ભલામણ કરવામાં આવે છે.

આયોગના પ્રસ્તુત હુકમની નકલ નિયામક, અનુસૂચિતજાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરને મોકલવામાં આવે. આયોગ દ્વારા કરવામાં આવેલ ભલામણનો અમલ થયેલ હોવા બાબતે આયોગને જાણ કરવામાં આવે.

ઉક્ત ભલામણ અન્વયે અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

CITIZENS HAVE RIGHT TO INFORMATION
GANDHINAGAR